(Re-Accredited by NAAC with 'A' Grade)

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭.

## પ્રથમ વર્ષ વિકેન્દ્રિત ધોરણે પ્રવેશ જાહેરાત (શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧)

ધોરણ ૧૨ (HSC) તથા તેની સમકક્ષ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજોમાં પ્રથમ વર્ષ B.Com, B.Com(Hons.), B.B.A., B.R.S., તથા યુનિવર્સિટી પરિસર ખાતે ચાલતા Five Year Integrated B.com LL.B (Hons.,) Five Year Integrated M.R.S. in Sustainble Development, તથા Five Year integrted M.A. HRD અભ્યાસક્રમોમાં વિકેન્દ્રિત ધોરણે પ્રવેશ માટે તારીખ : ૦૨/૦૭/૨૦૨૦ થી ૧૬/૦૭/૨૦૨૦ દરમ્યાન યુનિવર્સિટીની વેબસાઈટ www.vnsgu.ac.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

- B.Com, તથા B.Com(Hons.) બંને માટે એક (૧) ફોર્મ ભરવાનું રહેશે અને B.B.A માટે અલગ ફોર્મ ભરવાનું રહેશે.
- B.R.S. તથા Five Year Integrated M.R.S. in Sustainble Development બંને માટે એક (૧) જ ફોર્મ ભરવાનું રહેશે.
- Five Year Integrated B.com LL.B (Hons.,) તથા Five Year Integrated M.A. HRD બે (૨) અભ્યાસક્રમો માટે અલગ અલગ ફોર્મ ભરવાનાં રહેશે.

પ્રવેશ અંગેની લાયકાત તથા પ્રવેશની સંપૂર્ણ વિગતો દર્શાવતી માહિતી પુસ્તિકા યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. માહિતી પુસ્તિકાનો બરાબર અભ્યાસ કર્યા બાદ જ ઓનલાઈન ફોર્મ ભરવું. પ્રવેશ માટેની પ્રોસેસિંગ ફી રૂા. ૨૦૦/- નેટ બેન્કિંગ અથવા ડેબીટ / ક્રેડીટ કાર્ડથી જ ભરવાની રહેશે, અન્ય કોઈપણ રીતે રજીસ્ટ્રેશન ઉપલબ્ધ નથી.

તમામ વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મમાં જ પોતાની માર્કશીટ તથા અન્ય જરૂરી પ્રમાણપત્રો ફરજીયાત ઓનલાઈન જ અપલોડ કરવાના રહેશે. ડોક્યુમેન્ટ જમા કરાવવા કે વેરીફાય કરાવવા કોઈપણ કોલેજ, યુનિવર્સિટી કે હેલ્પસેન્ટર પર રૂબરૂ જવાનું રહેશે નહીં. ઓનલાઈન ફોર્મ ભરવામાં થતી મુંઝવણ માટે હેલ્પલાઈન નંબર પર જ પૂછપરછ કરી સ્પષ્ટતા મેળવી લેવાની રહેશે. વિદ્યાર્થીઓને ફાળવવામાં આવનાર પ્રવેશ પ્રોવિઝનલ ગણાશે, કોઈપણ તબક્કે રજૂ કરેલ દસ્તાવેજ (ડોક્યુમેન્ટ) ની સત્યતા બાબતે અથવા પ્રવેશ માટેની નિર્ધારિત લાયકાતની પરિપૂર્ણતા અંગે કોઈ વિસંગતતા ઉભી થાય તેવા સંજોગોમાં પ્રવેશ રદ કરવા સહિતનો યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે.

નોંધ : મા. સરકારશ્રીના આદેશાનુસાર **CBSE** તથા અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે ૧૦% બેઠકો અનામત રાખવામાં આવેલ છે. **CBSE** નાં પરિણામ જાહેર થયા બાદ આ બેઠકો માટે અલગથી પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**તા. ૦૧/૦૭/૨૦૨૦**
**સ્થળ : સુરત**

**ઈ. ચા. કુલસચિવ**